# અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુનો કહેર યથાવત



## મોડાસાની પારસ સોસાયટીમાં ડેન્ગ્યુનો શંકાસ્પદ કેસ મળતા સોસાયટીના નગરજનોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ બાદ ભાદરવા માસમાં તાવ અને ડેન્ગ્યુના વાવરે જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. જિલ્લાની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનું કિડીયારૂ ઉભરાયુ હોય તેમ વાયરલ ઈન્ફેક્શનની સાથે સાથે ડેન્ગ્યુ જેવા જીવલેણ કેસોમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી પારસ સોસાયટીના એક યુવાનને શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા તાબડતોડ મોડાસાની એક સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.

અરવલ્લી જિલ્લામાં ચાલુ સપ્ટેમ્બર મહિનામાં ડેન્ગ્યુના શંકાસ્પદ ૧૭ દરદીઓ મળી આવતા અને ડેન્ગ્યુ નામની બિમારીએ ૪ વ્યક્તિઓનો ભોગ લેતા જિલ્લાવાસીઓ ફફડી ઉઠ્યા છે. ભાદરવામાં વરસાદી ઝાપટા અને વાતાવરણમાં અવારનવાર ફેરબદલો થતો હોવાથી સમગ્ર અરવલ્લી જિલ્લામાં રોગચાળો ફાટી નિકળતા જિલ્લાની તમામ સરકારી દવાખાનાઓ તેમજ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લો ડેન્ગ્યુના અજગરી ભરડામાં લપેટાય રહ્યો હોય તેમ ડેન્ગ્યુના દર્દીઓમાં થઈ રહેલો નોંધપાત્ર વધારો તેમજ સરકારી ચોપડે નોંધાયેલા ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓના આંકડા પરથી લાગી રહ્યુ છે. વધતા ડેન્ગ્યુના કેસ જીવલેણ હોવાના કારણે મોટાભાગના દર્દીઓ અમદાવાદ તેમજ જિલ્લાના મુખ્ય શહેરોની ખાનગી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં સઘન સારવાર મેળવવા મજબુર બન્યા છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ઠેર ઠેર સર્વેની કામગીરી હાથ ધરવા છતા ડેન્ગ્યુમાં નોંધપાત્ર વધારો વણ ઉકલ્યો છે.

મોડાસાના મેઘરજ રોડ પરની પારસ સોસાયટીમાં રહેતા યુવાન રૂષિરાજને (ઉં.વ.૨૦)ને છેલ્લા ચારેક દિવસથી સતત તાવ ચડ-ઉતર રહેતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચતા ખાનગી તબીબે યુવાનને ડેન્ગ્યુના લક્ષણો દેખાતા યુવાનના લોહીનુ લેબોરેટરી પરીક્ષણ તેમજ એન.એસ. વન રીપોર્ટ કરાવતા રીપોર્ટ પોઝેટીવ આવતા અને ત્રાકકણો પણ ઘટેલા જણાતા તબીબે યુવાનને શંકાસ્પદ ડેન્ગ્યુના આધારે સઘન સારવાર હાથ ધરી હતી. તદઉપરાંત મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે ૭ મહિનાની બાળકીને પણ શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ તાબડતોડ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી. પારસ સોસાયટીના રહીશો દ્વારા આરોગ્ય તંત્ર તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા દવા છંટકાવ, ફોગીંગ અને સફાઈની સઘન કામગીરી કરવા ઉગ્ર માંગ કરી હતી.



## ખેડબ્રહ્મા પાલિકાની વિવિધ સમિતિઓની રચના

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ સાગરભાઈ પી. પટેલના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળી હતી. જેમાં આગામી વર્ષ માટે વિવિધ સમિતિઓ અને તેના ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. માત્ર કારોબારીના ચેરમેન માટે કોંગ્રેસના પ્રવિણસિંહ ડી. સોલંકી તથા ભાજપના જીજ્ઞેશકુમાર સી. ભાવસારે ઉમેદવારી નોંધાવી હતી. પાલિકામાં કુલ ૨૭ સદસ્યો ચુંટાયેલા છે. જેમાં કોંગ્રેસના ૧૬ તથા ભાજપના ૧૧ સદસ્યો છે. કારોબારી ચેરમેનની ચૂંટણીમાં પ્રવિણસિંહ સોલંકીએ ૧૫ મત તથા જીજ્ઞેશકુમાર ભાવસારને ૧૧ મત મળ્યા હતા. એક સદસ્ય ગેર હાજર હતા. જેથી ભાજપના ઉમેદવાર જીજ્ઞેશકુમાર ભાવસારની હાર થઈ હતી. પ્રવિણસિંહ સોલંકી સતત બીજીવાર કારોબારી ચેરમેન તરીકે ચુંટાયા છે.

આ સમિતિની વરણીમાં



મહેકમ સમિતિના ચેરમેન તરીકે સાગરાઈ પટેલ પ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન તરીકે પ્રવિણસિંહ સોલંકી, ટાઉન પ્લાનીંગ સમિતિના ચેરમેન તરીકે વલ્લભભાઈ પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન પદે ઈશ્વરભાઈ પરમાર, દિવાબત્તી સમિતિના ચેરમેન પદે ગુદડજી પ્રજાપતિ, આરોગ્ય ગટર સમિતિના ચેરમેન જાગૃતિબેન પંડ્યા, પાણી પુરવઠા સમિતિના ચેરમેન મુકેશભાઈ પટેલ, વસુલાત સમિતિના ચેરમેન હંસાબેન નાઈ, બાગ બગીચા સમિતિના ચેરમેન અમિતભાઈ શર્મા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મનુભાઈ કટેરીયા, આકારણી સમિતિના ચેરમેન જાગૃતિબેન જોષી, ગુમાસ્તા સમિતિના ચેરમેન જમતાબેન વસાવા અને શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે જ્યોત્સનાબેન ઠાકરડાની વરણી કરવામાં આવી છે. નવા વરાયેલા ચેરમેનોને પાલિકાના ઉપપ્રમુખ ગોપાળભાઈ રાવલ તથા ચીફ ઓફીસર ગાયત્રીબેન સોની સહીત સદસ્યોએ બિરદાવ્યા હતા.



### નવરાત્રી પર્વમાં ''ગરબા''ના કલાત્મક રૂપ આપતા કારીગરો

નવરાત્રિ પર્વના કેન્દ્ર બિંદુ સમાન ગરબાનું રાજ્યના પ્રજાપતિ સમાજ દ્વારા કલાત્મક રૂપ આપવાની સાથે કારીગરો દ્વારા અરવલ્લી જિલ્લાના બજારોમાં રંગબેરંગી ગરબા વેચાણ અર્થે આવી જતા પ્રજાજનો દ્વારા ગરબાની ખરીદી મોટા પ્રમાણમાં કરવામાં આવી રહી છે. મા ના નવલા નોરતા રૂમઝુમ કરતા આવી પહોંચ્યા છે. દરેક ઘરોમાં નવરાત્રી પર્વને લઈને મા ના ગરબાનું સ્થાપન કરવામાં આવે છે. પ્રજાપતિ સમાજ દ્વારા માટીમાંથી તૈયાર થયેલા ગરબા ઉપર કલર કામની સાથે આભલા-સતારા ચોંટાડવાનું ચલણ પણ શરૂ થયું છે. સાદા ગરબાની સાથે ડિઝાઈનવાળા ગરબા પણ અનેરૂ આકર્ષણ ભક્તજનોમાં પેદા કરી રહ્યા છે. રૂ. ૨૦ થી ૩૦૦ સુધીની કિંમતના ગરબા બજારમાં મળે છે.

## આરટીઓ સર્કલ પાસે રીક્ષામાંથી ચોરીના કોપર વાયર સાથે બે બાળ કિશોરો ઝડપાયા

હિંમતનગર, તા. ૨૬

સાંબરકાંઠા જિલ્લાના હિમતનગરના આરટીઓ સર્કલ પાસેથી એલસીબી રવિવારે રાત્રે પેટ્રોલિંગ કરી રહી હતી દરમિયાન શંકાસ્પદ રીક્ષામાંથી ઝડપાયેલ કોપર સાથે બે બાળ કિશોરોએ અન્ય ત્રણ સહીત પાંચેય બાળ કિશોરોએ હિમતનગર ગ્રામ્ય બી-ડીવીઝન અને એ-ડીવીઝનના મળી ચાર કોપર વાયર ચોરીના ગુનાની કબુલાત કરી હતી જેથી એલસીબીએ સોમવારે બે બાળ કિશોર સહીત મુદ્દામાલ હિમતનગર ગ્રામ્ય પોલીસને સોપી આગળની તપાસ સોપી હતી.

આ અંગેની વિગત આપતા એલસીબીના પીઆઈ એસ.ડી.પટેલ અને પીએસઆઈ ડી.ડી.પરમાર સ્ટાફ સાથે રવિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતા ત્યારે આરટીઓ સર્કલ પાસે એક લાખની રીક્ષા નંબર જીજે.૯. એએક્સ.૦૩૫૮માં ૨૧ કિલોગ્રામ તાંબાનો વાયર કીમત ૨૫૦૦નો સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો.જે બંને રીક્ષા સાથે ઝડપાયેલા બાળ કિશોરોની પૂછપરછ હાથ ધરતા પોતાની સાથે અન્ય ત્રણ બાળકિશોરો એમ પાંચેય જણાએ મળી ચાર ચોરી કરી હોવાની કબૂલી હતી. હિમતનગર ગ્રામ્ય પોલીસમથકના નોધાયેલ ફરિયાદ મુજબ હિંમતનગર બાયપાસ માર્ગ પર આવેલ જસ્મીન કોમ્પ્લેક્ષના ભોયરામાં ૨૪ સપ્ટેમ્બરે સાંજે રિક્ષામાં પકડાયેલા ઈલેક્ટ્રિક તાંબાના વાયરોની ચોરી કરેલાનું કબુલ્યું હતું.જયારે બીજી ચોરી હિમતનગર એ-ડીવીઝન પોલીસ મથકમાં નોધાયેલ ફરિયાદ મુજબ હાથમતી વિયર સાઈડ છ મહિના પહેલા વિયરની ઓરડીના ધાબા પરથી ખુલ્લામાં લગાવેલ સોલાર પેનલ બોક્ષમાંથી બાર વોલ્ટની બેટરી નંગ-૧ તથા કેબલ વાયરની ચોરી અને બીજી ચોરી સાતેક મહિના પહેલા મોતીપુરા કેનાલ ઉપરથી અન્ડરગ્રાઉન્ડ કરેલ પાઈપમાંથી ટેલીફોનના વાયરની ચોરી તે વાયરો બાળી નાખ્યા હતા અને તે તાંબુ વેચી માર્યુ હતું તો ચોથી ચોરી હિંમતનગરના બી ડીવીઝન માં નોધાયેલ ફરિયાદ મુજબ એક મહિના પહેલા રાત્રીના સમયે હાથમતી બ્રીજ ઉપર લોખંડની પાઈપમાં નાખેલ અન્ડર ગ્રાઉન્ડ કેબલ વાયર કાપીને લઈ ગયેલ જે કેબલ વાયર નદીમાં સળગાવી તેમાંથી નીકળેલ તાંબુ વેચી માર્યુ હતું આમ આ પકડાયેલા બે સાથે અન્ય ત્રણ મળી પાંચેય બાળ કિશોરોએ હિમતનગર ગ્રામ્ય એ-ડીવીઝનની બે અને બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની મળી ચાર કેબલ વાયરોની ચોરી કબૂલી હતી અને ચોરી કરેલા કેબલ વાયરોનું તાંબુ હિમતનગર બસ સ્ટેન્ડ સામે અને એસટી ડેપો સામેની ભંગારની દુકાનમાં વેચાણ કર્યાનું કબુલ્યું હતું.

## શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટ્રકમાંથી ૫૬ લાખનો રક્તચંદનનો જથ્થો ઝડપાયો

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર આરટીઓ ચેકપોસ્ટ નજીકથી રવિવારે બપોરના સુમારે શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતી બટાકાના થેલાઓની આડમાં સંતાડીને મુંબઈ લઈ જવાતા અંદાજે ૭૦૦૦ કિલો રક્ત ચંદનના લાકડાનો જથ્થો કિંમત રૂ. ૫૬ લાખનો ઝડપી પાડી ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. શામળાજી પોલીસે ટ્રકમાંથી જપ્ત કરેલા લાકડાની ખરાઈ કરવા શામળાજી વન વિભાગની મદદ લીધી હતી.

શામળાજી પોલીસ અને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પરની રતનપુર આંતરરાજ્ય સરહદ પરથી ગુજરાત રાજયમાં ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂ ઝડપવા સઘન પેટ્રોલીંગ અને વાહનોનું સતત ચેકિંગ હાથ ધરી પંદર દિવસમાં પાંચ કરોડ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

રવિવારે શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. એએએસ-૦૧-એફસી-૯૮૫૭) શંકાસ્પદ જણાતા તેને ઉભી રાખી ટ્રકમાં તપાસ હાથ ધરતા ટ્રકમાંથી બટાકાના થેલાઓની આડમાં સંતાડીને આગ્રાથી મુંબઈ લઈ જવાતા અંદાજે ૭૦૦૦ કિલો રક્તચંદનના લાકડાનો રૂ. ૫૬ લાખનો જથ્થો મળી આવતા શામળાજી પોલીસે બિનહિસાબી લાકડાનો જથ્થો કબજે લઈ હરીપ્રકાશ છત્રપાલસીંગ ચૌહાણ, આશિષ ચોપનસીંગ સોલંકી, અનીલ રામવીરસીંગ ચૌહાણ (ત્રણેય રહે. ઉત્તરપ્રદેશ)ને ઝડપી પાડી ટ્રક કબ્જે લઈ તપાસ હાથ ધરાતા રક્તચંદનનો આ જથ્થો અલી મોહમ્મદ નામની વ્યક્તિ દ્વારા ભરી આપી આ જથ્થો મુંબઈ પહોંચાડવાનો હોવાનું જણાવતા શામળાજી પોલીસે તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.



### શહેરમાં ડેન્ગ્યુ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉંચક્યુ છે. તંત્રની ટીમોએ આજે મળી આવેલા આ દર્દીઓના ઘરે જઈ અને એન્ટી લારવેલની કામગીરી પણ કરી હતી.

ગાંધીનગર શહેરને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં મુકવામાં આવ્યુ છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં શહેરી મેલેરિયા વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે દર્દીઓ છુટા છવાયા મળી રહ્યા છે. ક્યાંય એક પણ વિસ્તારમાંથી જથ્થાબંધ કેસો મળ્યા નથી. મોટાભાગના દર્દીઓ અમદાવાદ જતા હોવાનું જણાવ્યુ છે તેમજ બહારના રાજ્યમાંથી આવેલા દર્દીઓ પણ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળામાં આ વખતે મેલેરિયાના કેસો પણ ઓછા મળ્યા છે તેમજ તંત્ર દ્વારા સતત સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

### અજવાળું અજવાળું

● ૪ પાનાનું ચાલુ...

જેમના ગીતોમાં વણાયા છે એ ગાયિકા લતા મંગેશકરને રૂબરૂ મળવાનો અને તેમને વંદન કરવાનો એક અવસર મને પણ મળ્યાનો આનંદ છે. સળંગ સાડા છ-સાત દાયકા સુધી ગાયન ક્ષેત્રે કાર્યરત રહેવું એ ચમત્કાર છે અને લતાજી સ્વીકારે છે એમ એમનો અવાજ ઈશ્વરની બક્ષિસ છે. માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદથી જ એમની સ્વર પ્રતિભામાં સાતત્ય સચવાયું છે.

એક ઈન્ટરવ્યુમાં લતા મંગેશકરે કહ્યું છે કે લોકો મારાથી ખુશ હોય તો હું ખુશ છું... એક કલાકારે ગાયેલા ગીતો વિશ્વભરમાં સંગીતપ્રેમીઓ - એ પણ કરોડોની સંખ્યામાં સાંભળે - માણે અને સ્મૃતિઓના સંભારણા એમને હૈયા ઉતરી આવે ત્યારે મા સરસ્વતીની કૃપા જેના પર વરસી છે એ કલાકાર થકી કરોડો શ્રોતાઓ અને ચાહકોના હૃદયમાં પ્રસન્નતા દીપ પ્રજ્જવલિત થાય છે અને અજવાળું ફેલાય છે.

તેજપૂંજ :

મેરી આવાઝ હી પહેચાન હૈ, ગર યાદ રહે...

### તૂટેલા સાધનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરનારાઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. સ્વર્ણિમ પાર્કમાં કસરત માટેના સાધનો પણ મુકવામાં આવ્યા છે. પરંતુ જાળવણીના અભાવે આ સાધનો બિનઉપયોગી હોવાનુ સ્પષ્ટ થયુ છે. આ પૈકી કેટલાક સાધનો તુટી ગયા છે. આ ઉપરાંત બાળકો માટે રમતગમતના સાધનો પણ મુકવામાં આવ્યા છે. જયારે બાળકોના સાધનો પણ તુટેલી હાલતમાં હોવાથી ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. લપસણી અને હીંચકા પણ તુટેલી હાલતમાં છે. છેલ્લા ઘણાં સમયથી તુટેલા કસરતના તેમજ રમતગમતના સાધનો યોગ્ય કરવા માટે મુલાકાતીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. શિયાળાની ઠંડીના દિવસો નજીક આવી રહયા છે. ત્યારે પાર્કમાં કસરતના સાધનોનુ રીપેરીંગ કરવા માટે તંત્ર દ્વારા ટુંકમાં કામ હાથ ધરાશે. આ ઉપરાંત બાળકોના રમતગમતના સાધનો પણ યોગ્ય કરવાનુ કામ ટુંકમાં હાથ ધરાશે.

### બેઠકો ભરાઈ ગઈ...

● ત્રીજા પાનું ચાલુ

જેમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ભરવા માટે પ્રવેશ પ્રક્રિયા આરંભાઈ હતી. મેડીકલ અને ડેન્ટલ કોલેજના મેનેજમેન્ટ ક્વોટાની કુલ ૬૨૯ જેટલી બેઠકો ભરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. આજે મેરીટ આધારે તંત્ર દ્વારા હજાર જેટલા વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટની ચકાસણી કર્યા બાદ બપોરના સુમારે પ્રવેશ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. વાલી તેમજ વિદ્યાર્થી માટે હોલની અંદર તેમજ બહાર મોટી સ્ક્રીન લગાવવામાં આવી હતી. જેમાં વિવિધ કોલેજના નામ અને બેઠકો દર્શાવવામાં આવતી હતી. પ્રવેશ પ્રક્રિયાના પ્રારંભિક ચાર કલાકમાં જ રાજ્યની તમામ મેડીકલ કોલેજની મેનેજમેન્ટ ક્વોટાની મેરીટના આધારે ૩૯૬ બેઠકો ભરાઈ જવા પામી છે. ગાંધીનગર મેડીકલ કોલેજની બાકી રહી ગયેલી મેનેજમેન્ટ ક્વોટાની ૧૭ સીટ ભરાઈ જતા ૧૫૦ બેઠકો સંપૂર્ણ પણે ભરાઈ જતાં અભ્યાસક્રમ પણ ટુંક સમયમાં શરૂ થઈ જશે. મેડીકલની મેનેજમેન્ટ ક્વોટાની ૩૯૬ બેઠકો ભરાઈ જતા ડેન્ટલ (બી.ડી.એસ.) મેનેજમેન્ટ ક્વોટાની ૨૩૩ જેટલી બેઠકો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ કાર્યવાહી આવતીકાલ સુધી શરૂ રહેશે.

### નવા રૂપરંગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલે યુનેસ્કો તરફથી અમદાવાદનો દાવો કેટલા ટકા સાચો છે તેની તપાસ કરાવવા માટે એક ખાસ ટીમ શહેરમાં મોકલવામાં આવી છે.આ ટીમનું ગઈકાલે રવીવારે આગમન થઈ ગયું છે.પરંતુ આ ટીમ દ્વારા મ્યુનિસિપલ તંત્ર,હેરીટેજ સેલ અને પુરાતત્વ વિભાગને ખાસ તાકીદ કરવામાં આવી છે કે,,તેમની મુલાકાતને લઈ કોઈપણ પ્રકારનો પ્રચાર કે પ્રસાર મિડીયામાં ન કરવો.આ બાબતને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્ર તરફથી શહેરના ભદ્ર વિસ્તારમાં પથરાયેલા ૨૦૦૦થી પણ વધુ પાથરણાવાળા તેમજ ફેરીયાઓને રાત્રિના સમયે તેમનો સામાન ઘરભેગો કરી દેવાની સુચના આપવાની સાથે જ ભદ્રના કિલ્લાની આસપાસના દબાણો છેક જિલ્લા પંચાયતની કચેરીની સામેના ભાગ સુધી દુર કરવામાં આવ્યા છે.એટલું જ નહીં પરંતુ ઘણાં વર્ષો બાદ કિલ્લાના તમામ દરવાજાઓ ખુલ્લા કરવામાં આવ્યા છે.આ સાથે જ લાઈટીંગની વયવસ્થા પણ કરવામાં આવી છે.તંત્ર તરફથી ભદ્રપ્લાઝાના ચોકમાં બેસતા ફેરીયાઓને પણ ઓછી સંખ્યામાં કરી દેવાની સાથે તેમને શિસ્તબધ્ધ રીતે બેસીને ધંધો કરવાના આદેશો કરવામાં આવ્યા છે.

### કાશ્મીર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાનના વડાપ્રધાને બીજું કહ્યું હતું કે, ભારત જે શરતો વાતચીત માટે ઈચ્છે છે તે અમને મંજુર નથી, મને એ નથી સમજાતું તેઓ કઈ શરતોની વાત ઈચ્છે છે. અમે શરતો ને આધારે નહીં પણ મિત્રતાને આધારે અમે પાકિસ્તાન સાથે સમસ્યાનું સમાધાન ઈચ્છીએ છીએ. ક્યારેક ઈદ તો ક્યારેક ક્રિકેટ દ્વારા અમે તેમને શુભેચ્છા પાઠવી હતી. ક્યારેય ખબર અંતર પુછીને શુભેચ્છા પાઠવી પણ અમને જવાબમાં પઠાનકોટ અને ઉરી મળ્યા. બોર્ડર પારથી આતંકીઓ આવ્યા હતા. જો તેમને એવું લાગતું હોય કે, આવુ કરવાથી ભારત હલી જશે અને ભારતનો એક ટુકડો તેમને મળી જશે તો તેઓ ભુલ કરે છે. આવા લોકો એક વાત જાણી લે, કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ છે અને જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો રહેશે, આથી કાશ્મીર પડાવી લેવાનું સપનું છોડી દો. યુએનજીએમાં સુષમા સ્વરાજ ઉરી આતંકી હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ હોવાની વિશ્વ સમક્ષ રજુઆત કરી. પાકિસ્તાનને આતંકવાદને ઉત્તેજન આપતું રાષ્ટ્ર ગણાવી વૈશ્વિક જુથમાં એકલું પાડવામાં આવે તેવી વિદેશમંત્રી યુએનમાં રજુઆત કરી હતી.

### સિદ્ધિ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંતરે સ્થિત સતિષ ધવન કેન્દ્રથી સવારે ૯.૧૨ મિનિટે ઉંડાણ ભરી હતી. એક સાથે આઠ સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવી-સી ૩૫ તેની સાથે સ્કેટસેટ-૧ અને પાંચ વિદેશી સેટેલાઈટને લઈને ઉંડાણ ભરી હતી. બે સેટેલાઈટ ભારતીય શેક્ષણિક સંસ્થાના પણ છે. તમામ પરિબળો યોગ્યરીતે કામ કરી રહ્યા છે કે કેમ તેના ઉપર ઈસરોના વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો દ્વારા પહેલાથી જ નજર રાખવામાં આવી હતી. પીએસએલવીના એવા પ્રથમ મિશન તરીકે આને ગણવામાં આવે છે જેમાં ઉપગ્રહને બે જુદી જુદી પરિભ્રમણ કક્ષાઓમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. પોતાની આ ૩૭મી ફ્લાઈટમાં ભારતના પોલાર સેટેલાઈટ લોંચ પીએસએલવી-સી ૩૫ દરિયાઈ અને હવામાન સંબંધિત અભ્યાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. તે પોતાની સાથે સ્કેટસેટ-૧ અને અન્ય સાત ઉપગ્રહને લઈ રવાના થયુ હતુ. સ્કેટસેટ-૧નું વજન ૩૭૭ કિલોગ્રામ છે. અન્ય જે દેશોના ઉપગ્રહ રહેલા છે તેમાં અમેરિકા, કેનેડા અને અલ્જીરિયાના ઉપગ્રહનો સમાવેશ થાય છે. અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે મોટી હરણફાળ ભરી છે.

### શૂઝ ફેંકાયુ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે પહોંચ્યા ત્યારે હરિઓમ શર્મા નામના યુવાને ટ્રાન્સપોર્ટ ચાર રસ્તા ઉપર થોડાક અંતરથી તેમના તરફ શૂઝ ફેંકતા ખળભળાટ મચી ગયો હતો. અલબત્ત શૂઝ તેમની નજીકથી નિકળી જતાં તેમને કોઈ ઈજા થઈ ન હતી. આ ઘટના બાદ ત્યાં ભારે અફડાતફડી મચી ગઈ હતી.

ઘટનાસ્થળે રહેલા પોલીસ જવાનોએ તરત જ યુવાનને કસ્ટડીમાં લઈ લીધો હતો અને તેને પુછપરછ માટે સિટી પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. સ્થળ ઉપર હાજર રહેલા લોકોએ માહિતી આપતા કહ્યું છે કે, આ યુવકે રાહુલને એમ કહીને શૂઝ ફેંક્યું હતું કે, રોડ શો બોગસ અને નાટક તરીકે છે. તે કોઈ રાજકીય પાર્ટીનો સભ્ય છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ઘણી બધી સમસ્યા પ્રવર્તી રહી છે જેની સુનાવણી થઈ રહી નથી. વિરોધ વ્યક્ત કરવા અને સમસ્યાઓ પ્રત્યે ધ્યાન ખેંચવાના હેતુસર રાહુલ ઉપર શૂઝ ફેંકવાની વાત આ યુવાને કરી હતી. રાહુલથી નારાજ હોવાની આ વ્યક્તિ વાત કરી હતી. શાસ્ત્રીનગરના નિવાસી હરિઓમે પકડાઈ ગયા બાદ કહ્યું હતું કે, તે કોંગ્રેસ અને રાહુલથી ખુબ નારાજ છે. ૬૦ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું હતું ત્યારે ખેડૂતોની ખરાબ હાલત કોંગ્રેસને કેમ યાદ આવી ન હતી.